# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 25.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : WEDNESDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

**1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસના ઇઝરાયલ પ્રવાસે જવા રવાના થશે.**

**2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મહારાષ્ ્ના બુલઢાણામાં રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કરશે.**

**3) ભારત અને ઇઝરાયલે આતંકવાદ સામે લડતમાં સહયોગની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.**

**4) સર્વાઇકલ કેન્સરને રોકવા માટે સરકાર ટૂંક સમયમાં – HPV રસીકરણ કાર્યક્રમ શરૂ કરશે.**

**5) T-20 ક્રિકેટ વિશ્વ કપમાં સુપર 8 મેચમાં ઇંગ્લેન્ડે પાકિસ્તાનને 2 વિકેટે હરાવ્યું**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ISRAEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બે દિવસની ઇઝરાયલની મુલાકાતે જવા રવાના થશે.

શ્રી મોદીનો ઇઝરાયલનો આ બીજો પ્રવાસ હશે. આ મુલાકાત દરમિયાન, તેઓ ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરવા માટે ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કરશે.

તેઓ વિજ્ઞાન અને ટેકનોલોજી , નવીનતા, સંરક્ષણ અને સુરક્ષા , કૃષિ, પાણી વ્યવસ્થાપન, વેપાર અને અર્થતંત્ર અને લોક સંપર્ક સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગની તકો પર ચર્ચા કરશે. આ બેઠકમાં પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

ઇઝરાયલમાં ભારતના રાજદૂત જે.પી. સિંહે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે,

## બાઈટ - J-P-SINGH

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે , આ મુલાકાત બંને દેશો વચ્ચેની ઊંડી અને લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

---

# PRESIDENT - MAHARASHTRA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મહારાષ્ર્6ના બુલઢાણા જિલ્લાના શેગાંવમાં આયુષ મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કરશે.

આ અંગે અમારા પ્રતિનિધિ જણાવે છે કે

## બાઈટ - AS--DHANANJAY-NAGPUR

આ સાથે રાષ્ટ્રપતિ નાગપુરમાં બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય પહેલ, "એકતા અને ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રનો સુવર્ણ યુગ" ના ઉદ્ઘાટન સમારોહમાં પણ હાજરી આપશે.

દરમિયાન રાષ્ટ્રપતિએ ગઈકાલે મુંબઈની પી.ડી. હિન્દુજા હોસ્પિટલમાં "જીવન બચાવો અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરો" થીમ પર રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું.પોતાના સંબોધનમાં, રાષ્ટ્રપતિએ આરોગ્યના મહત્વ પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે સરકારે છેલ્લા દાયકામાં ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે જેથી ખાતરી કરી શકાય કે બધા નાગરિકોને ઉત્તમ આરોગ્ય સંભાળની સુવિધા મળી રહે.

---

# INDIA-ISRAEL-COUNTER-TERRORISM

આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકમાં ભારત અને ઇઝરાયલે આતંકવાદ, આતંકવાદી સંગઠનો , તેમજ તેના સમર્થકો અને નાણાકીય સહાયકો સામે લડવામાં સહયોગની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં આયોજિત આ બેઠક દરમિયાન , બંને પક્ષોએ આતંકવાદનો સામનો કરવા માટે સતત , વ્યાપક અને સંકલિત કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં આતંકવાદ વિરોધી સંયુક્ત સચિવ ડૉ. વિનોદ બહાદેએ કર્યું. ઇઝરાયલી પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં વ્યૂહાત્મક બાબતોના બ્યુરોના વડા નદવ એશર દ્વારા કરવામાં આવ્યું.

તેમણે આતંકવાદી ભરતી , આતંકવાદી હેતુઓ માટે ટેકનોલોજીનો દુરુપયોગ અને આતંકવાદી ભંડોળ જેવા પરંપરાગત અને ઉભરતા પડકારોની સમીક્ષા કરી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે માનવરહિત હવાઈ વાહનો , ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિમત્તા ના વધતા ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી.

બંને દેશોએ દ્વિપક્ષીય માળખા હેઠળ તાલીમ , સાયબર સુરક્ષા , શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન અને માહિતી આપ-લે દ્વારા સહયોગ વધારવાના માર્ગો પર પણ ચર્ચા કરી. તેમણે પરસ્પર કાનૂની સહાય સહિત કાયદા અમલીકરણ અને ન્યાયિક સહયોગને મજબૂત બનાવવા અંગે પણ ચર્ચા કરી.

આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથની આગામી બેઠક ઇઝરાયલમાં યોજાશે.

---

# SHIVRAJ-MEETING

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આગામી મહિનાની ૩૧મી તારીખ સુધીમાં ખેડૂતોના કલ્યાણ માટે રાજ્યોને ફાળવવામાં આવેલા ભંડોળનો **100** ટકા ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો છે.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અને કૃષિ ઉન્નતિ યોજનાની પ્રગતિની સમીક્ષા કરવા માટે આસામ, બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને હરિયાણા સહિત અનેક રાજ્યોના કૃષિ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે નવી દિલ્હીમાં એક વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન તેમણે આ નિવેદન મુજબ જણાવ્યુ. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પાયાના સ્તરે ખેડૂતો સુધી લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય ભંડોળનો સમયસર અને કાર્યક્ષમ ઉપયોગ જરૂરી છે.

તેમણે કહ્યું રવી ૨૦૨૬ સીઝન માટે , મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા રાજ્યોમાં ભાવ સહાય યોજના હેઠળ ચણા, સરસવ અને મસૂરની મોટા પાયે ખરીદીને મંજૂરી આપવામાં આવી છે તથા કઠોળમાં આત્મનિર્ભરતા માટેના મિશન હેઠળ, પૂર્વ-નોંધાયેલા ખેડૂતો દ્વારા પૂરા પાડવામાં આવતા તુવેર , અડદ અને મસૂરનો સંપૂર્ણ જથ્થો 2030-31 સુધીમાં કેન્દ્રીય નોડલ એજન્સીઓ દ્વારા ખરીદવામાં આવશે.

---

## INDIA-GERMANY

ભારત-જર્મન વિજ્ઞાન ટેકનોલોજી સેન્ટર દ્વારા નવી દિલ્હીમાં ઇન્ટિગ્રેટેડ વોટર રિસોર્સિસ મેનેજમેન્ટ 2026 પર વ્યૂહાત્મક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત છે એક અહેવાલ

### બાઈટ - JAYA-BHARTI-WN

---

# INDIA-JAPAN

ભારત અને જાપાન વચ્ચે વાર્ષિક સંયુક્ત લશ્કરી કવાયત 'ધર્મ ગાર્ડિયન' ની સાતમી આવૃત્તિનો ગઇકાલે ઉત્તરાખંડમાં પ્રારંભ થયો છે

પ્રસ્તુત છે એક અહેવાલ

## બાઈટ - PRASHANT-WN

---

# INDIA-HPV VACCINE

મહિલાઓના આરોગ્યને મજબૂત બનાવવા અને અટકાવી શકાય તેવા કેન્સરને નાબૂદ કરવા તરફના એક ઐતિહાસિક પગલામાં , કેન્દ્ર ટૂંક સમયમાં રાષ્ટ્રવ્યાપી હ્યુમન પેપિલોમાવાયરસ – HPV રસીકરણ કાર્યક્રમ શરૂ કરશે.

આ દેશની જાહેર આરોગ્ય યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, 14 વર્ષની છોકરીઓને રસી આપવામાં આવશે.

આ ખાસ HPV રસીકરણ અભિયાન હેઠળ , દર વર્ષે આશરે 1 કરોડ ૧૫ લાખ છોકરીઓને રસી આપવામાં આવશે.

---

# CRICKET T-20 WORLD CUP

T20 ક્રિકેટ વિશ્વ કપમાં ગઈકાલે સુપર- 8 મેચમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાનને 2 વિકેટથી હરાવ્યું.

શ્રીલંકાના પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને નિર્ધારિત **20** ઓવરમાં **9** વિકેટ ગુમાવીને **164** રન બનાવ્યા. જવાબમાં ઈંગ્લેન્ડે **5** બોલ બાકી રહેતા **8** વિકેટ ગુમાવીને **165** રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. કેપ્ટન હેરી બ્રુકે માત્ર **51** બોલમાં શાનદાર **100** રન બનાવ્યા જ્યારે ઈંગ્લેન્ડ તરફથી લિયામ ડોસને **3** વિકેટ લીધી હતી .

આજે, કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ગ્રુપ 2 સુપર 8 મેચમાં ન્યુઝીલેન્ડ શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે

---

# INDIA-KENYA-JWG

ભારત અને કેન્યાએ કૃષિ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સંયુક્ત કાર્યકારી જૂથની પ્રથમ બેઠક યોજી હતી.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ અજિત કુમાર સાહુ અને કેન્યાના વિદેશ મંત્રાલયના પ્રતિનિધિ સ્ટીફન રોનોએ વર્ચ્યુઅલ રીતે આ બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

બેઠક દરમિયાન , બંને પક્ષોએ કૃષિ ક્ષેત્રમાં વર્તમાન પ્રાથમિકતાઓ , મુખ્ય પડકારો અને ઉભરતી પહેલોની ચર્ચા કરી. તેમણે કૃષિ સંશોધન , બજાર પહોચ, કૃષિ યાંત્રિકીકરણ, ક્ષમતા નિર્માણ અને તાલીમ કાર્યક્રમોમાં સહયોગને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

---

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, સિમ્પલ ઠક્કર</u>

- કેરળ હવે કેરલમ ની ખબર ને મુખ્ય સમાચાર પત્રો એ કવર કર્યા છે
- દિવ્યભાસ્કરએ મૂકી પાનમાં બોક્સમાં કેરળ હવે કેરલમ બનશે લખ્યું છે જયારે
- નવ ગુજરાત સમય કેરળ હવે કેરલમ -નામ બદવાળી દરખાસ્તને કેબિનેટની મંજૂરી ને શીર્ષક બનવ્યું છે
- પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી આજે ઈઝરાયેલ ના પ્રવાસે -ગુજરાત સમચારે ફ્રન્ટ પેજ પર માથાળાની બાજુ બોક્સમાં છાપ્યું છે
- આઇટી શેર્સમાં 18 વર્ષ બાદ 4.5 % સુધીનો કડાકો -દિવ્ય ભાસ્કર
- સંદેશે યુ એસમાં બોમ્બ સાયક્લોન -11000 ફ્લાઇટ રદ્દ ને હેડ લાઇન બનાવી છે ફૂલછાબે અમેરિકામાં ધોળો કહેર , હિમ તોફાનમાં 10 હજાર ફ્લાઇટ રદ્ ને હેડલાઇન બનાવી છે
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો , અમદાવાદ ગાંધીનગર મેટ્રોનું વિસ્તરણ, રાજ્યમાં વસ્તી ગણતરી તેમજ રવિ પાકના વાવેતર અંગેના સમાચારને વિવિધ અખબારો સ્થાન આપ્યું છે.